# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૦૯-૦૭-૨૦૨૨

**નફરત અને ભાગલાવાદી રાજનીતિ કરતી ભાજપ સરકારના ચાલ, ચલન, ચરિત્ર અને ચેહરાને ખુલ્લો પાડતા** અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ કાર્યકારણીના સભ્ય અને સાંસદશ્રી દીપેન્દ્ર હુડ્ડાજીએ વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ક્યારેય આતંકવાદ પર રાજનીતિના પક્ષમાં રહી નથી. પરંતુ આજે જે સ્થિતિ પ્રવર્તે છે અને જે રીતે એક પછી એક આતંકવાદીઓ અને ગુનેગારો સતત ભાજપ સાથે જોડાયેલાની વિગતો સામે આવી રહી છે ત્યારે સવાલ પૂછવો જરૂરી બની જાય છે કે **રાષ્ટ્રવાદની આડમાં ભાજપ દેશ સાથે ઘૃણાસ્પદ રમત કેમ રમી રહી છે? ભાગલાવાદી અને નફરતની વિચારધારા ફેલાવનારા લોકો ભાજપના સંગઠનમાં કેવી રીતે પદાધિકારીઓ છે, તે ચિંતાનો વિષય છે.** જેની તપાસ કરવા માટે પાર્ટીના વરિષ્ઠ નેતાઓની એક સમિતિની રચના કરી પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક બોલાવી ભાજપે આત્મમંથન કરવું જોઈએ. ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે કોઈ પણ **રાષ્ટ્રને તલવારથી નહિ વિચારથી તોડી શકાય છે. તલવારથી તો રાષ્ટ્રને ગુલામ બનાવી શકાય છે પણ તેનું વિભાજન નથી કરી શકાતું.** નફરતની વિચારધારાનો અંત નફરતથી નહીં પણ રાષ્ટ્રવાદની વિચારધારાથી થઈ શકે છે.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકારવાર્તાને સંબોધન કરતા સાંસદશ્રી દીપેન્દ્ર હુડ્ડાજીએ જણાવ્યું હતું કે તાજેતરમાં ઉદયપુરમાં કન્હૈયા લાલજીની હત્યામાં સંડોવાયેલા આરોપીઓ "મોહમ્મદ રિયાઝ અત્તારી" એ બીજેપીનો કાર્યકર હોવાનું બહાર આવ્યું છે. જેણે ભાજપના નેતાઓની હાજરીમાં પાર્ટીનું સભ્યપદ લીધું હતું. મીડિયા રિપોર્ટમાં એવો પણ ખુલાસો થયો છે કે રિયાઝે ભાજપના નેતા અને પૂર્વ મંત્રી ગુલાબચંદ કટારિયાના જમાઈ અને રાજસ્થાન વિધાનસભાના પૂર્વ કાઉન્સિલર અતુલ ચંડાલિયાની ફેક્ટરીમાં કામ કર્યું છે. તે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે ભાજપના ઘણા કાર્યક્રમોમાં જોવા મળી છે. જમ્મુ અને કાશ્મીરમાં સ્થાનિકો દ્વારા પકડાયેલા લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓમાંથી એક તાલિબ હુસૈન શાહ ભાજપના કાર્યકર્તા હોવાનું બહાર આવ્યું છે. જેની દેશના ગૃહમંત્રીની સાથે,બીજેપીના ઘણા વરિષ્ઠ નેતાઓ સાથેની તસ્વીર પણ છે અને જ્યારે તે પકડાયો ત્યારે તે પવિત્ર અમરનાથ યાત્રા માટે જઈ રહેલા યાત્રીઓ પર હુમલાની યોજના બનાવી રહ્યો હતો. વધુમાં મહારાષ્ટ્રના અમરાવતીમાં કેમિસ્ટ ઉમેશ કોલ્હેની હત્યાના કથિત માસ્ટર માઈન્ડ ઈરફાન ખાનના ભાજપ સાથે શું સંબંધ છે ? તે અંગે દેશ જાણવા માંગે છે. વર્ષ 2020માં જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓને હથિયાર આપવા બદલ ભાજપના પૂર્વ નેતા અને સરપંચ "તારિક અહેમદ મીર"ની ધરપકડ કરવામાં આવી હતી. તારિક અહેમદ પર હિઝબુલ કમાન્ડર નાવેદ બાબુને હથિયારો આપવાનો આરોપ હતો, જેની ધરપકડ ડીએસપી દવિંદર સિંહ સાથે કરવામાં આવી હતી, જેણે આતંકવાદીઓને મદદ કરી હતી. NIA એ પણ સ્પષ્ટ કહ્યું હતું કે "તારિક અહેમદ મીર" દવિન્દર સિંહનો સાથી છે. **જો દવિન્દર સિંહના કેસની યોગ્ય તપાસ થઈ હોત તો સત્ય જાણી શકાયું હોત પરંતુ તપાસ અધવચ્ચે જ અટકાવી દેવામાં આવી હતી. શા માટે રાષ્ટ્રની સુરક્ષા સાથે રમત રમાઈ રહી છે ?**

વર્ષ 2017માં એટીએસની ટીમે મધ્યપ્રદેશમાં ગેરકાયદેસર ટેલિફોન એક્સચેન્જનો પર્દાફાશ કર્યો અને ૧૧ ISI શકમંદોની ધરપકડ કરી હતી. તેમાં ભાજપના આઈટી સેલના સભ્ય ધ્રુવ સક્સેના પણ હતા, જેની રાજ્યના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ સાથેના ફોટા પણ હતા. વર્ષ ૨૦૧૭માં આસામના બીજેપી નેતા "નિરંજન હોજાઈ" ને વિશેષ NIA કોર્ટે આતંકવાદીઓને આર્થિક મદદ કરવા બદલ આજીવન કેદની સજા ફટકારી હતી. તે એક હજાર કરોડના નાણાકીય કૌભાંડ અને ટેરર ફંડિંગ કેસમાં દોષી સાબિત થયો હતો બે વર્ષ પછી, 2019 માં, મધ્યપ્રદેશમાં જ બજરંગ દળના નેતા "બલરામ સિંહ"ની આતંકવાદી ભંડોળના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ ઘટનાઓ આટલેથી નથી અટકતી, ભાજપે સત્તા માટે દોષિત આતંકવાદીને ટિકિટ આપી હતી. ભારતીય જનતા પાર્ટીએ શ્રીનગરના સ્થાનિક ચૂંટણીમાં વોર્ડ નંબર 33માંથી મસૂદ અઝહરના સાથી "મોહમ્મદ ફારૂક ખાન"ને ટિકિટ આપી હતી. જે જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટ અને હરકત-ઉલ-મુજાહિદ્દીનનો સભ્ય રહી ચુક્યો છે. કે નફરતની રાજનીતિને બદલે પરસ્પર પ્રેમ અને ભાઈચારાને પ્રોત્સાહન આપતી વિચારધારા જે જનહિત અને રાષ્ટ્રીય હિતમાં તેને પોષે તેવી ભાજપ અને તેના નેતાઓને કોંગ્રેસ પક્ષ અપીલ કરે છે.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વિશેષ પત્રકારવાર્તામાં ગુજરાત સંગઠન પ્રભારીશ્રી અને રાજસ્થાનાના પૂર્વ આરોગ્યમંત્રી ડૉ.રઘુ શર્માજી સંબોધન કરતા જણાવ્યું હતું કે દેશના ભવિષ્ય એવા યુવાનોને નશા, વ્યસનના અંધકારમાં ધકેલવાનું સુનિયોજિત ષડયંત્રના ભાગરૂપે અબજો રૂપિયાની ડ્રગ્સ અને નશાકારક પદાર્થ ઠલવાઈ રહ્યાં છે. દેશમાં ડ્રગ્સ-નશીલા પદાર્થોના વેપારનું મુખ્યદ્વાર ભાજપ સરકારનાં શાસનમાં ગુજરાત રાજ્ય બન્યું છે. સમગ્ર દેશમાં નશીલા પદાર્થ - ડ્રગ્સ પહોંચાડવા માટેનું ગુજરાત રાજ્ય એપી સેન્ટર બન્યું છે. સરકારની ઢીલી નીતિના કારણે કાયદાનું અયોગ્ય અમલીકરણ ને કારણે ડ્રગ્સ પેડલર્સ - ડ્રગ્સ માફીયાઓમાં પોલીસ અને પ્રશાસનને જરાય ડર રહ્યો નથી. જેના પગલે ગુજરાતમાં ખુલ્લેઆમ દારુ, જુગારની સાથે સાથે ડ્રગ્સ ખુલ્લેઆમ વહેચાઈ રહ્યો છે. જે આપણા સૌ ગુજરાતીઓ માટે ખૂબ ચિંતાનો વિષય છે. ગુજરાતમાં છાસવારે પકડાતું ડ્રગ્સ અને નશીલા પદાર્થોના નાની માછલીઓ પકડી મોટા મગરમચ્છો પકડવામાં અને ડ્રગ્સના નેક્શસને તોડવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. **ડ્રગ્સ - માદક - નશીલા પદાર્થોના સુનિયોજિત વ્યાપારને કારણે યુવા પેઢીનું ભવિષ્ય અંધકારમાં ધકેલાઈ રહ્યું છે. સુનિયોજીત રીતે ચાલતા ડ્રગ્સના વ્યાપારને રોકવાને બદલે ભાજપ સરકારના શાસનમાં ડ્રગ્સનો વેપલો ફુલ્યો ફાલ્યો છે ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોને સુરક્ષાને કેન્દ્ર સ્થાને રાખી હોત તો આજે ગુજરાત ડ્રગ્સના વેપારનું એપી સેન્ટર ન બન્યું હોત**. નાર્કોટીક્સ ડીપાર્ટમેન્ટ, ડી.આર.આઈ., **ઈ.ડી., સી.બી.આઈ. સહિતની સંસ્થાઓને વિપક્ષના નેતા - આગેવાનો પાછળ લગાવવાના બદલે ગુજરાતના નાગરિકોને સુરક્ષાને કેન્દ્ર સ્થાને રાખી ભાજપ કામગીરી કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.**

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વિશેષ પત્રકારવાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, **ભાજપની નીતિના લીધે દેશના તમામ વર્ગના નાગરિકો હેરાન પરેશાન છે. બેરોજગારી, મોંઘવારી અને સતત રૂપિયાનું અવમુલ્યના લીધે સૌથી પડકાર જનક સમયમાંથી દેશ પસાર થઈ રહ્યો છે. ગુજરાતમાં ગાંધીના હત્યારા ગોડસેની પ્રતિમા મુકવામાં આવે, ગોડસે વિશે નિબંધ સ્પર્ધા યોજવામાં આવે, ત્યારે કોંગ્રેસ પક્ષ દેશના લોકોને અપીલ કરવા માંગીએ છીએ કે ભાજપના આ ખોખલા - રાષ્ટ્રવાદને ઓળખો**, રાષ્ટ્રવાદની આડમાં તેઓ દેશને ખોખલો કરી રહ્યાં છે અને ખૂબ જ ધૃણાસ્પદ રમત રમી રહ્યાં છે. રાજસ્થાનમાં જે દુઃખદ ઘટના બની છે તે મુદ્દાઓ ગુજરાતની ચૂંટણીમાં પણ આવશે. ચૂંટણી આવે એટલે સરહદો સળગે છે, જ્ઞાતિ-જાતિ વચ્ચે ઝઘડા કરાવવામાં આવે છે, નફરતની રાજનીતિ દ્વારા સત્તા મેળવવાની ભાજપની નીતિરીતિ ચાલી રહી છે જેનો ભોગ દેશના તમામ નાગરિકો બની રહ્યાં છે. તમામ મોરચે નિષ્ફળ નીવડેલ અને ભાજપ અને તેના સંહયોગી સંગઠનો ધ્રુવિકરણ કરીને જનતાનું ધ્યાન ભટકાવવા એક પછી એક રમત રમી રહ્યું છે. જે રીતે ઉદેપુરમાં દુઃખદ ઘટના બની પછી જે વિગતો સામે આવી તે અંગે ભાજપ કેમ મૌન છે ? જે રાજ્યમાં વિપક્ષની સરકાર હોય અને ચૂંટણી આવવાની હોય તે રાજ્યમાં જ કેમ આવી ઘટના સામે આવી રહી છે ? ભાજપના અનેક નેતાઓ સાથે આરોપીઓના ફોટા ફેસબુક ઉપર જોવા મળ્યા છે. આટલી બધી વસ્તુઓ સામે આવ્યા છતાં ભાજપ કેમ કશુ બોલતી નથી ? ભાજપે તાત્કાલીક ખુલાસો કરવો જોઈએ.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા